

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મૈત્રી કોઈથી રાખતા નથી, લાગણીમાં બુઠ્ઠા છે*
*સ્વાર્થમાં છે સંકુચિત છે, બે એકર સાત ગુંઠ્ઠા છે,*
*ભણાવે છે ઉંઠાં વિશ્વને, છે ખંધા-ખૂંરાટ વેપારી -*
*છે ગુનેગાર ખૂદ, વિશ્વ-જમાદાર જે જૂઠ્ઠા છે*
*(ટ્રમ્પનું તિકડમ)*

### હાઈકુ

*ખાય બટકું*
*એ બંને પલ્લાં માંથી -*
*છે મીંઠા મંકી..*

*તું ચોરી કર !*
*રાખે જાગતું વિશ્વ -*
*ટ્રંપ તરાહ*

### ચિંતન

**જો યે તત્વ બિચાર કે, રાખે હૃદય માંઝીર,**
**સો પ્રાની સુખ કો લહે, દુઃખ ન આવે ભાર.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

જે મનુષ્ય પ્રભુના પરમતત્ત્વને ઓળખીને પોતાના હૃદયમાં સાચવી રાખે છે તે પ્રભુમય બની રહે છે. મારા હૃદયમાં બેઠેલ ઈશ્વર જ મારું દરેક કામ એટલે - હું શું બોલું છું તે તથા મારી દરેક કલ્પના અને મારા વિચારોને જોયા અને તપાસ્યા કરે છે અને તે જ મને સૂચના આપતો રહે છે. તેવી શ્રદ્ધા અને બુદ્ધિથી જે મનુષ્ય પોતાના દરેક કાર્ય કરે છે તે સર્વસુખ પામે છે. દુઃખ તો તેની પાસે આવી શકતું જ નથી.

જે ભક્ત ઈશ્વરને સર્વ સમર્પણ કરી નિરાભિમાની થઈ જાય 'હું' એના આચાર-વિચારમાંથી નીકળી જાય - જે કંઈ કરે છે તે ઈશ્વર જ કરે - કરાવે છે એમ ચોક્કસપણે માની-સ્વીકારી - આચરણ કરે એ જ સાચો નિરાભિમાની ભક્ત છે. તેને કદી પણ સુખ કે દુઃખ કનડતું નથી.

### સુવિચાર

- જમીર જિંદા રખ, કબીર જિંદા રખ... સુલતાન ભી બન જાયે તો,
  દિલ મેં ફકીર જિંતા રખ... - **મુંતઝીર આલમ**
- ફક્ત માનવ માટે જ અઘરું નથી, આ ઈશ્વરને મળવું...!
  ઈશ્વર ને પણ સહેલાઈથી કયાં માણસ મળે છે... - **પ્રકાશ રાણા**
- તમે ચિંતા કરો છો, તેનો અર્થ એ છે કે તમે જે બધું કરો છો અને તમારા સિવાય બીજું કોઈ નહિ કરે એવો અહંકાર તમે કરી રહ્યા છો - **બી.કે. ગીરીશભાઈ પટેલ**
- મરજી તમારી...?? દુઃખી રહેવું છે ? તો દરેકમાં ખામી શોધો... સુખી રહેવું છે ?? - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે ધારી લો છો એમાં વાંધો જ નથી, એને જે સાચું માની લો છો વાંધો ત્યાં છે - **હરિભાઈ કોઠારી**
- ગુસ્સામાં ઉડતા લોકો હંમેશા ખરાબ રીતે પછડાતા હોય છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : કાચા સફરજનનો રસ કાઢી બે ચમચી સવાર-સાંજ પીવાથી ભૂખ સારી લાગે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વિનોબા ભાવે નાના હતા ત્યારે એમના પડોશમાં એક પતિપત્ની અને તેમના ત્રણ બાળકો રહેતા હતા. તે પડોશણ બાઈ બીમાર પડી ગઈ. ઘરમાં એક જ સ્ત્રી. બીમાર હોય તો રસોઈ, ઘરકામ કોણ કરે ? તેના પતિ અને નાના બાળકોને જમવાની મુશ્કેલી પડવા લાગી. વિનોબાના માતાને ખબર પડી, એટલે તેઓ ખબર જોવા ગયા અને પડોસણને સાંત્વના આપી. કે 'દવા લે, આરામ કર તારા ઘર અને બાળકોનું હું ધ્યાન રાખીશ.' પછી રોજ ત્યાં જઈ રસોઈ કરે અને બાળકોનું ધ્યાન રાખવા ત્યાં જવા લાગ્યા. બા વહેલા ઊઠે અને નિત્યક્રમથી પરવાનીને પોતાના ઘરની રસોઈ કર્યા બાદ પડોશણ ને ત્યાં રસોઈ કરવા જતા. નાના વિનોબા રોજ જોવે. એક દિવસ તેમણે બાને પૂછ્યું, 'બા,તમે આવા સ્વાર્થી કેમ છો ? કે પહેલા આપણા ઘરની રસોઈ કરીને, પછી તમે પડોશમાં રસોઈ કરવા જાવ છો ?' પહેલા જો હું તેમના ઘરની રસોઈ કરુ તો વહેલી સવારે રસોઈ કરવી પડે અને પછી એ લોકોને ટાઢું ખાવું પડે. અને પહેલાં આપણી રસોઈ કરીને ત્યાં મોડી રસોઈ કરવા જાઉં તો તેમને ગરમ રસોઈ મળે ને...!! વિનોબા ને માતાની વાત સમજાઈ અને તેમણે માતાની માંફી માંગી.

# ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર...

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લાં ઘણાં વર્ષોથી કોઈ પણ નાની-મોટી ઘટના અંગે જરા વધુ પડતો ઊહાપોહ થાય તો સરકાર પાસે એને ડામવાની ગુરુચાવી આવી ગઈ છે. નિવૃત્ત કે સીટિંગ હાઈકોર્ટ જજની અધ્યક્ષતામાં તપાસ પંચ નીમી દેવું, એના માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવું. સરસ સુવિધાપૂર્ણ ઑફિસ, ગાડી, બંગલો, ટેલિફોન, માનદ વેતન અને પૂરતો સ્ટાફ. નિવૃત્ત જજ માટે તો આ એક સુખદ પ્રવૃત્તિ જ બની રહે છે. એવું નથી કે ન્યાયાધીશ સાચો ન્યાય આપવામાં બેદરકારી દાખવતા હોય - એ તો ન્યાયતંત્રની અને સરકારની પ્રતિષ્ઠાનો પુરસ્કાર કરવા જ એવી જવાબદારી સ્વીકારે છે. પરંતુ ન્યાયની દેવી આંધળી છે. એના હાથમાં ત્રાજવું છે - એમાં કયારે, કોણ, કેટલો પુરાવો મૂકી જાય કે ઉઠાવી જાય - એની જવાબદારી ન્યાયાધીશની કે પંચની નથી રહેતી. પરિણામે ભાગ્યે જ કોઈ તપાસપંચ અપેક્ષિત ન્યાય અપાવી શક્યું છે. ઘણી વાર સરકાર પોતે જ આ મુદ્દે આંખ મિચામણાંની નીતિ રાખતી લાગે છે. બે નિર્દોષ બાળકોના મોતની બાબત આખા ગુજરાતમાં ચર્ચાની ચકડોળે ચડી હતી. સાબરમતીના કિનારેથી મળેલી બે સગા ભાઈઓની લાશ પર તાંત્રિક વિધિ થઈ હોવાના પણ નિશાન મળ્યાં હોવાનું કહેવાય છે. અગિયાર વગર પછી તપાસપંચ એ નિષ્કર્ષ પર આવે છે કે બાળકોનું મોત પાણીમાં ડૂબી જવાથી થવું હતું. એમના પર કોઈ મેલી વિદ્યા અજમાવાઈ હોય કે તાંત્રિક વિધિ થઈ હોય એવા પુરાવા મળતા નથી, એટલે બાળકોના વાલીઓનો આક્ષેપ ખોટો ઠરે છે, આશ્રમના સંચાલકો સંત આસારામ અને એમના પુત્ર આ કૃત્યમાં સંડોવાયેલા નથી. શાળાના સંચાલકની બેદરકારીની નોંધ જરૂર લેવાઈ છે. ટૂંકમાં ખોદ્યો ડુંગર પર ઉંદરડીય મળી નહીં! જેલની હવા ખાતા બાપ-દીકરાએ એમના મોટેરા આશ્રમ સાથે સંકળાયેલ આ ઘટનામાં કલીનચીટ મળી છે. કચ્છના નલિયા ખાતે સેક્સકાંડ ચાલતો હોવાનું ખૂલ ગાજ્યું. ઘણા પ્રતિષ્ઠિત ભાજપી નેતાઓના પગ નીચે રેલો આવી જશે અને મોટો વિસ્ફોટ થશે એવું લાગતું હતું. તપાસપંચનો અહેવાલ વિધાનસભાના પટલ પર મૂકવા કોંગ્રેસ કાગારોળ કરતી હતી. ચૂંટણી વખતે વિપરીત પ્રત્યાઘાતો ન પડે એટલા સારું અહેવાલ દબાવી રખાયો હોવાનો આક્ષેપો પણ થયા હતા. હવે જયારે અહેવાલ ખુલ્લો મુકાયો છે ત્યારે એમાં કોઈ પણ તથ્ય નહીં હોવાનો ખુલાસો થયો છે. જેણે ગેંગરેપના આક્ષેપો કરી સનસનાટી ફેલાવી દીધેલી તે મહિલા પોતે તપાસપંચ સમક્ષ હાજર જ ન થઈ. વળી એણે પોલીસ અને અદાલત સામે પોતાની સાથે કોઈ જાતનું દુષ્કર્મ થયું જ નથી એવું તદ્દન વિરોધાભાસી નિવેદન આપ્યું. જો સત્તા અને રૂપિયાના જોરે કે ધાક ધમકીથી ફરિયાદીને જ એની ફરિયાદ ખોટી હતી એવું કહેવાની ફરજ પડાતી હોય તો તપાસપંચ કેવી રીતે નિષ્કર્ષ કાઢે ? આખરે ન્યાય તોળનારના હાથ પણ હેઠા પડે એવા કારસા કરવામાં આપણા રાજકારણીઓ નિષ્ણાત બની ગયેલા છે. એટલે છેવટે એ જ તારણ પર આવવું પડે કે ફરિયાદી પોતે પાણીમાં બેસી જતું હોય તો પણ સાંયોગિક પુરાવાઓના આધારે ન્યાય તોળાવો જોઈએ. ફરિયાદી ફરી જતું હોય તો તેણે પણ ગુનેગાર ગણવું જોઈએ. સરકાર આખરે પ્રજાના પરસેવાની કમાણી તપાસપંચો પાછળ વેડફી જ નાખતી હોય તો એવાં તપાસપંચો પ્રત્યે સજાને કોઈ જ ભરોસો નહીં રહે.

# વરસાદ કે પ્રભુપ્રસાદ



**જીવન દર્શન**
પી.એમ. પરમાર

પોતાના વરને નામથી સાદ પાડીને બોલાવે ત્યારે સમજી જવાનું કે વરસાદનું આગમ થઈ ગયું છે મંદિરના પૂજારીને પણ શાયરી લલકારવાની ઈચ્છા થઈ જાય એ ચમત્કાર વરસાદનો જ છે એમ માની લેવાનું. વર્ષારાણી શબ્દ વર્ષાઋતુને ઋતુઓની રાણીનું સન્માન બક્ષે છે વરસાદ એટલે ધરતી અને આકાશ વચ્ચેનો રોમેન્ટીક સંવાદ.

એક આખું ટેન્કર ઠાલવી દીધા પછી પણ જયાં એક તણખલું ના ઊગે ત્યાં વરસાદનું એક ઝાપટું પડતાં જ ચેતન તત્વની ચેતના તરણાંનું સ્વરુપ ધારણ કરી લે છે. વરસાદ ચેતન શક્તિનો જીવતો જાગતો પુરાવો છે. પ્રેમરસનો ફુવારો છે. પહેલા વરસાદથી માટીની જે અદ્‌ભૂત - અલૌકિક સોડમ - ફોરમ સર્વત્ર પ્રસરી જાય છે તેનાથી નાકને લોટરીનું પ્રથમ ઈનામ લાગ્યાનો અહેસાસ થઈ જ જાય છે. વિજ્ઞાન આટલું આગળ વધ્યા પછી પણ હજુ આ સોડમ-ફોરમ જેવું કોઈ અત્તર - સ્પ્રે શોધવાનું બાકી જ છે.

વરસાદના પ્રત્યાઘાત એક સાથે પડઘા બની ચોતરફ ગુંજી ઊઠે છે. છ માસના કારાવાસ પછી મુક્ત બનેલા કેદીની જેમ પેટાળમાંથી ડ્રાઉં ડ્રાઉં કરતા મેડક ઉછળી ઉછળીને મુક્તિની મહેફિલની જમાવટમાં લાગી જાય છે. વરસાદ આવે ને મોર યાદ ના આવે એવું બને જ નહીં. મોરનો થનગનાટ કળાને આમંત્રણ આપે છે. ગહેકો - ટહુકો 'સો' - સડ્‌જ સંગીતના સૂરથી શ્રીગણેશાયનમઃ કરે છે. પ્રેમિકા ઢેલ માટે મોરનો આ આલાપ અન્નકૂટથી સહેજે ઓછો નથી હોતો. વરસાદની રમણીય ઋતુ પક્ષીઓની પ્રજન્ન ઋતુમાં યજ્ઞમાં ઘીની આહૂતિ બની જાય છે.

પરદેશ ગયેલા પતિના આગમનથી વિરહિણી જે ઉન્માદ ધારણ કરે તેથીય અડકા પ્રમત્તાથી પ્રમોદ પામી ચાતર પ્રાયોજિત પ્રફુલ્લિતાને ધારણ કરી આનંદની અભિવ્યક્તિ કરે છે તે સો ટચના સોના જેવી હોય છે. માળામાં તાજાં જ જન્મેલાં બચ્ચાં ઉપર વર્ષામાં જે અમી છાંટણાં થાય છે તેનું મૂલ્ય કુંભમેળાના પ્રયાગના પવિત્ર સ્નાનથી ઓછું આંકવાની ભૂલ કરવા જેવી નથી. પાણીના બુંદબુંદ માટે તરસતાં પશુપક્ષીઓ માટે આખેઆખું મનોવાંચિત બુફે ડીનર બની જાય છે. તરસની સામૂહિક તૃપ્તતા કલરવ કે કેકારવમાં રૂપાંતરિત થઈ છે.

જગતના તાત ખેડૂતને આખા પરિવાર માટે લાપસીનાં આંધણ મૂકવા વરસાદ હાથવગું બહાનું બની જાય છે. ધરતીનું મુખ ચાસ બની વાવણીને આવકારવા તલપાપડ બની બેકાબૂ બની જાય છે. કોઈ અમીરની લાડકી દીકરી નવવધૂના જે શણગાર સજી નવોઢા બને એવી છટો એવી અદાથી ધરતીમાતા લીલુંછમ પાનેતર ધારણ કરે ત્યારે ભલભલા પ્રકૃતિપ્રેમીઓ મા ધરતીને વંદન કરવા મજબૂર બની જાય છે. ગંગાસતી તો ભક્તિની પરાકાષ્ઠા કરી નાખે છે : વીજળીના ચમકારે મોતી રે પરોવો... સ્વાતિ નક્ષત્રમાં પડેલું વર્ષાબિંદુ છીપમાં મોતી બને એવું એક ભક્તિનું મોતી પ્રભુના ચરણે મૂકવાની પ્રાર્થના ગંગા સતીના ભજનને ફાળખે એવોર્ડ આપીએ ને તોય ઓછો પડે મારા બાપ !

કવિઓનું શબ્દોનું સંવનન ગર્ભ ધારણ કરે છે, પ્રસૂતિ થાય ત્યારે કવિતા કુંવરીનો જન્મ થાય છે એ ઢંઢેરો પીટ્યાનો આનંદ પેંડા વહેંચણીનો અવસર બની જાય છે. પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં... જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ... એક તરણ્યું કોળ્યું ને તમે યાદ આવ્યાં જેવી કવિતા યુવાનો - યુવતીઓ માટે પ્રેમમંત્રની વ્યાખ્યા બની જાય ત્યારે સો વ્યાખ્યાનો એક સામટો બાવન ફુલડાંનો ભાગ બની જાય છે.

વીજળી, ચમકારા, લીસોટા, મેઘગર્જના, નદી તળાવ, સરવર, હોડી, ઘોડાપૂર, હેલી, ડ્રાઉં - ડ્રાઉં, ટહુકા, ગહેંકા, વાદળ, છત્રી, બુંદ, જેવા શબ્દકોશની રચના થતાંની સાથે આકાશમાં વરસાદના દસ્તાવેજ ઉપર આનંદને ઉમળકાના હસ્તાક્ષર સ્વયં ભગવાન મેઘધનુષ બની કરી જ નાખે છે. આ સાત રંગોના ઉમંગને માણવા આકાશ તરફ નજર કરીએ ત્યારે ભગવાન પણ એમના ઉપર એક અમી નજર નાખી વરસાદનું વરદાન આપી જ દે છે. બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે - કહી બ્રહ્માનંદ પામીએ એવી શુભેચ્છા સાથે બધું ભૂલી આવો - વરસાદનાં વધામણાં કરીએ - દિલ ખોલીને દિલથી.

# સર્જક, વિચારક, શિક્ષાવિદ અને રાજનીતિજ્ઞ ; ડૉ. રમેશ પોખરિયાલ 'નિશંક'



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

રાજનીતિમાં જ્યારે સાહિત્યતત્વ ભળે છે ત્યારે રાજનીતિમાં મૂલ્ય અને માનવતા, સત્ય અને સંવેદના, વિચાર અને વિકાસની ગતિ તેજ અને પ્રજાકલ્યાણમય બને છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ખૂદ એક સારા કવિ, લેખક અને વિચારક છે. ત્યારે તેઓએ આ સાહિત્યકળાને સમજીને તેમના પ્રધાનમંડળમાં પણ સાહિત્યિક મૂલ્ય ધરાવતા સ્વચ્છ નેતાઓને યોગ્ય રીતે મંત્રાલયો ફાળવીને પોતાના રાજ્ય તથા દેશનો વિકાસ કરવાની એક તક આપી છે.

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના મંત્રી ડૉ. રમેશ પોખરિયાલ " નિશંક " હિંદી સાહિત્ય જગતમાં એક ખૂબ જાણીતું નામ છે. ૪૫ થી વધું પુસ્તકોના આ લેખક યુવાન વયે શિક્ષક અને આચાર્ય તો બને છે પણ દરેક વિદ્યાર્થિઓના ઘેર ઘેર જઈને એમની રૂચિ જાણીને એમને શિક્ષણ આપવાના





પ્રયોગો એ વખતે કરી ચૂક્યા છે.

આ સર્જકનું જીવન અત્યંત ગરીબાઈમાંથી પસાર થયું છે. પૌડી ગઢવાલ જિલ્લાના નાના એવા પિનાની ગામમાં જન્મનાર આ કવિનું પ્રાથમિક શિક્ષણ એ ગામમાં જ થાય છે અને માધ્યમિક શિક્ષણ માટે પોતાના ગામથી ૧૫/૧૬ કિમી દૂર પહાડી રસ્તાઓ પગે ચાલીને પસાર કરીને સ્કૂલ જતા હતા. આ સમયે બે વખત તો સામે મૃત્યુ પણ આવીને પાછું ગયું છે. એક વખત પહાડ ઉપરથી પડીને નીચે વહેતી નદીમાં તણાયા અને બીજા ગામની કેટલીક સ્ત્રીઓનું ધ્યાન જતા નદીમાંથી એમને બહાર કાઢવામાં આવ્યા અને જીવ બચ્યો. બીજી એક વખત શિયાળાની કડકડતી ઠંડીમાં બરફથી આચ્છાદિત પહાડી રસ્તાઓની વચ્ચેથી પસાર થઈ સ્કૂલે જતા રસ્તાની વચ્ચોવચ્ચ એક વાઘ સામે આવીને ઊભો રહી ગયો. અને હવે મૃત્યુ નિશ્ચિત છે એમ સમજીને એ કિશોર રમેશે પોતાની બન્ને આંખો બંધ કરી દીધી. પાંચ જ મિનિટ પછી આંખ ખોલી તો સામેનો વાઘ નહોતો, એ જંગલ તરફ જતો રહ્યો હતો. આવી કઠિન પરિસ્થિતિમાંથી શિક્ષણ મેળવીને ડૉ. નિશંક નિર્ભિક અને નિર્ભેળ બન્યા છે.

શિક્ષણ દરમિયાન જ સાહિત્યમાં ઊંડી રૂચિને કારણે અને પર્વતોની ખૂબસુરતીના સાનિધ્ય અને માતાપિતાના સંસ્કારને કારણે એમના હદયમાંથી પવિત્ર શબ્દોની ગંગોત્રી વહેવાનું શરું કરે છે. અને કવિતાઓની અનેક શબ્દનદીઓ જન્મે છે. અને ૧૯૮૩માં માત્ર ૨૪ વર્ષની ઉંમરે પ્રથમ કાવ્યસંગ્રહ " સમર્પણ " પ્રગટ કરી એનું લોકાર્પણ પણ એ વખતના તત્કાલિન ઉપ રાષ્ટ્રપતિ શ્રી શંકર દયાલ શર્માના વરદ હસ્તે યોજાય છે. અને આ જ સમયમાં એમને ત્યાંની કોટદ્વારની સાહિત્યિક સંસ્થા " સાહિત્યાંચલ " તરફથી ૧૯૯૦માં " નિશંક " ઉપનામ પણ મળે છે. કવિતાની સાથે સાથે વાર્તાઓનું આલેખન પણ થાય છે આ રીતે એમના અત્યાર સુધીમાં ૧૦ કવિતા સંગ્રહ, ૧૨ ટૂંકીવાર્તા સંગ્રહ, ૧૦ નવલકથાઓ, બે પ્રવાસગ્રંથો, ૬ બાલસાહિત્યના ગ્રંથો, બે વ્યક્તિત્વવિકાસના પુસ્તકો મળીને કુલ ૪૫થી વધારે પુસ્તકો એમના પ્રગટ થઈ ચૂક્યા છે. રાજનીતિમાં અત્યંત વ્યસ્ત હોવા છતાંય આટલું વિશાળ અને મૂલ્યવાન સાહિત્યિક સર્જન એ એમની કાર્યનિષ્ઠા અને સર્જનક્ષમતાનું દ્યોતક બની રહે છે. એમના અનેક ગ્રંથો વિશ્વની અનેક ભાષાઓ, જર્મન, અંગ્રેજી, ફ્રેંચ, તેલુગુ, મલયાલમ, મરાઠીમાં અનુવાદિત પણ થયા છે. તો વળી આ સર્જકના સર્જન પર અનેક વિદ્વાનો ડૉ. શ્યામધર તિવારી, ડૉ. વિનય ડબરાલ, ડૉ. નગેન્દ્ર, ડૉ. સવિતા મોહન, ડૉ. સુધાકર તિવારી અને ડૉ. નંદકિશોર વગેરે શોધકાર્ય અને પીએચ.ડી રિપોર્ટ લખી ચૂક્યા છે. ઉપરાંત હાલ આ સર્જકના સાહિત્ય ઉપર ઘણી રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ જેવી કે હૈંબર્ગ યુનિવર્સિટી–જર્મની, ગઢવાલ, કુમાઉની, સાગર (મધ્યપ્રદેશ), રોહેલખંડ, મદ્રાસ, લખનૌ, મેરઠ વગેરે યુનિવર્સિટીઓમાં શોધકાર્ય થઈ રહ્યું છે.

ડૉ. નિશંકના મુખ્ય ગ્રંથોમાં જોઈએ તો "રોશની એક કિરણ (૧૯૮૬), બસ એક હી ઈચ્છા(૧૯૮૯), ક્યા નહીં હો સકતા (૧૯૯૩), ભીડ સાક્ષી હૈ (૧૯૯૩), એક ઔર કહાની (૨૦૦૨)એમના મુખ્ય વાર્તા સંગ્રહો છે. તો વળી 'મેજર નિરાલા (૧૯૯૭), પહાડ સે ઊંચા (૨૦૦૦), બીરા, નિશાંત (૨૦૦૮) એમની મુખ્ય નવલકથાઓ છે. જ્યારે કવિતાઓમાં' સમર્પણ (૧૯૮૩), નવાંકુર, મુજે વિધાતા બનના હૈ, તુમ ભી મેરે સાથ ચલો, દેશ હમ જલને ન દેંગે, જીવન પથ મેં, માતૃભૂમિ કે લિયે, કોઈ મુશ્કિલ નહીં, એ વતન તેરે લિયે, સંઘર્ષ જારી હૈ. વગેરે એમના કાવ્યસંગ્રહો છે. આઓ શિખે કહાનિયોં સે, સ્વામી વિવેકાનંદ જીવનમાલા એમના બાળસંગ્રહો છે. આ ઉપરાંત ડાયરી, સંસ્મરણ, પ્રવાસ જેવા સ્વરૂપો ઉપર પણ તેમનું પ્રદાન રહ્યું છે.

ડૉ. નિશંક ને દેશ વિદેશની અનેક સાહિત્યિક અને સામાજિક સંસ્થાઓ દ્વારા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાં મૉરેસિયસ ગણતંત્ર દ્વારા દેશનું સર્વોચ્ચ "મૉરેસિયસ સન્માન" થી સન્માનિત, રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર, પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. કલામ દ્વારા "સાહિત્ય ગૌરવ સન્માન", પદ્મશ્રી રામાનંદ સાગર અને મુંબઈની સંસ્થાઓ દ્વારા ચ્સાહિત્યચેતા સન્માન", ભારત ગૌરવ સન્માન, હિંદી ગૌરવ સન્માન, સાહિત્ય ભૂષણ સન્માન, સાહિત્ય મનીષિ સન્માન, હિંદી સાહિત્ય સંમેલન, અલ્લાહબાદ તરફથી "વિદ્યા વાચસ્પતિ સન્માન, નાલંદા વિદ્યાપીઠ, બિહાર તરફથી" સાહિત્ય વાચસ્પતિ ઉપાધિ, અંતરરાષ્ટ્રીય મૂક્ત વિશ્વ વિદ્યાલય કોલંબો અને ગ્રાફિક ઈરા ડીમ્ડ, વિશ્વ વિદ્યાલય, ઉત્તરાખંડ તરફથી માનદ ડી. લિટની ઉપાધિ એનાયત કરવામાં આવી છે. નેપાળ સરકાર દ્વારા "હિમાલય ગૌરવ સન્માન" પણ આપવામાં આવ્યું છે. તો વળી શ્રી લંકા, જર્મન, હોલેન્ડ, રશિયા, જપાન, ઈન્ડોનેશિયા, ભૂતાન જેવા કેટલાય યૂરોપીય દેશોમાં તેઓ સન્માનિય થયા છે.

અમેરિકાના સુવિખ્યાત સર્જક ડેવિડ ફ્રાઉલે આ સર્જક વિશે કહે છે કે "ડૉ. નિશંકની કાવ્ય રચનાઓ પછાત અને ગરીબ વર્ગના લોકોની પીડા અને વેદનાને વાચા આપે છે જે સમગ્ર વિશ્વના પછાત વર્ગનું પ્રતિનિધત્વ કરે છે. જ્યારે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડૉ. એ.પી.જે. કલામ કહે છે કે " ડૉ. નિશંકની મહાન રચના "એ વતન તેરે લિયે" મેં વાંચી, સમજી અને એનું મનન કર્યું, હું દઢ શ્રદ્ધાપૂર્વક કહી શકું છું કે હિમાલયથી નીકળેલી કવિ નિશંકજીની ગંગામયી કાવ્યધારા રાષ્ટ્રનિર્માણમાં પાયાનો પથ્થર બની રહેશે. એમની સાહિત્યિકયાત્રા હિંદીની સમૃદ્ધિ અને શ્રીવૃદ્ધિમાં ખૂબ મોટી ભૂમિકા નિભાવશે."

પૂર્વવડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈજીએ આ કવિ વિશે લખ્યું છે કે " સક્રિય રાજનીતિમાં રહીને પણ જેવી રીતે ડૉ. નિશંક સાહિત્યના ક્ષેત્રમાં સંઘર્ષરત રહ્યા છે તે સામાન્ય લોકોના હાથની વાત નથી. મને પૂર્ણ વિશ્વાસ છે કે તેઓ પોતાની કલમ દ્વારા દેશની નીતિ અને નિયંતાઓ સમક્ષ વિભિન્ન મુદ્દાઓને લઈને અનેક પ્રશ્નો ઊભા કરતા રહેશે." તો વળી ડૉ. હરિવંશરાય બચ્ચન પણ આ કવિ માટે કહી ગયા છે કે "સમર્પણ અને નવાંકુરની કવિતાઓ અત્યંત સુંદર છે. સરળ અને સરલ ભાષાના માધ્યમથી આ કવિ ઘણુ બધુ કહી ગયા છે" તો વળી શ્રી અમિતાભ બચ્ચન પણ આ કવિ માટે કહે છે કે 'શબ્દ કભી નહીં મરતે' ડૉ. નિશંકનું આ દેશભક્તિપૂર્ણ ગીત હંમેશાં લોકોની જીભ ઉપર રહેશે."

ડૉ. રમેશ પોખરિયાલ "નિશંક"નો રાજનીતિમાં પ્રવેશ પણ અચાનક શ્રી અટલ બિહારી બાજપાઈના કહેવાથી થયો છે. ૧૯૯૦માં એક વાર અટલજીએ એમને બોલાવીને કહેલું કે તમે ઉત્તર પ્રદેશ વિધાન સભાની ચૂંટણી લડો, અને એ વખતે કર્ણપ્રયાગની સીટ ઉપર કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રી ડૉ. શિવાનંદ નૌટિયાલ હતા. જે નિશંકજીના પારિવારિક સગા પણ હતા. પરિવારનો વિરોધ હોવા છતાંય તેઓ તેમની સામે ૧૯૯૧માં ચૂંટણી લડ્યા અને જીત્યા. અહીંથી એમની જિંદગીનો બીજો તબક્કો આરંભાય છે અને રાજકીય યાત્રાનો પણ આરંભ થાય છે. અને ૨૦૧૨ સુધી કુલ પાંચ વાર તેઓ ઉત્તર પ્રદેશ અને ઉતરાખંડ વિધાનસભાના સદસ્ય રહ્યા. ૧૯૯૭ અને ૧૯૯૯માં ઉત્તર પ્રદેશ સરકારમાં મંત્રી, વર્ષ ૨૦૦૦માં ઉતરાખંડ અલગ રાજ્ય બનતા કેબિનેટ મંત્રી અને ૨૦૦૯માં ઉતરાખંડના સર્વપ્રથમ યુવા મુખ્યમંત્રી પદ પર આરૂઢ રહ્યા. વર્ષ ૨૦૧૪માં ભાજપમાંથી તેઓ હરિદ્વારની સીટ ઉપર લોકસભા લડીને સંસદમાં પ્રવેશ્યા. અને બીજી વાર ૨૦૧૯માં પણ હરિદ્વારથી તેઓ સંસદ પહોંચીને, માનવ સંસાધન વિકાસ મંત્રાલયના મંત્રી પણ બને છે.

શ્રી પોખરિયાલ ૨૧મી સદીના શિક્ષિત સર્જક અને નેતા છે. તેથી તેઓ ભારતીય સંસ્કૃતિને ચાહે છે, આપણા વેદ પુરાણો ને ધર્મગ્રંથોનું એમને મન ખૂબ જ મૂલ્ય છે તેઓ આપણા જ્યોતિષશાસ્ત્રને પુરી દુનિયાનું નંબર વન વિજ્ઞાન માને છે. ભગવાન ગણેશના મસ્તક પ્રત્યારોપણની કથાને તેઓ વિજ્ઞાન સાથે જોડીને કહે છે કે દુનિયામાં સૌથી પહેલા મસ્તક પ્રત્યારોપણનું જ્ઞાન ભારત પાસે હતું, વળી તેઓ કહે છે કે ઋષિ કણાદે લાખો વર્ષ પહેલા પરમાણું પરિક્ષણ કર્યું હતું.

આમ ડૉ. રમેશ પોખરિયાલ એક સારા કવિ, લેખક, વિચારક, શિક્ષાવિદ અને રાજનીતિજ્ઞ છે. તેઓ શૂન્યમાંથી શિખર સુધી પહોંચ્યા છે. જ્યારે તેઓને દિલ્હીમાં તા. ૨૪, જુલાઈ, ૨૦૧૯ના રોજ મળવાનું બન્યું ત્યારે તેઓના ચહેરા પર સદાય ફરકતું સ્મિત તેમની સાદગી અને પ્રસન્નતાને વ્યક્ત કરતું હતું. એમના વ્યક્તિત્વ અને વ્યવહારમાં ક્યાંય પણ મુખ્યમંત્રી કે રાષ્ટ્રીય મંત્રીપણાનો અહમ કે ભાર વર્તાતો નહોતો. એકદમ સરળતાથી, સાહજિકતાથી સૌને મળીને સન્માનિત કરનાર આ સર્જકના વ્યક્તિત્વ અને વ્યવહારમાંથી આજના નેતાઓએ ઘણુંબધું શિખવાની અને સમજવાની જરૂર છે.

-9426060601.india@gmail.com

# જબ ભી કસ્તી મેરી સૈલાબ મેં આ જાતી હૈ, મા દુઆ કરતી હુઈ ખ્વાબ મેં આ જાતી હૈ...!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

"કિસી ભી મુશ્કિલ કા અબ કિસીકો હલ નહિ મિલતા , (ક્યોકી) શાયદ અબ ઘર સે કોઈ માં કે પૈર છૂકર નહિ નિકલતા " કોઈ અજ્ઞાત કવિની આ બે લાઈન મા ની મહિમા સમજાવવા માટે કાફી હોય એવું નથી લાગતું? નાનપણમાં બુરી નજરથી બચાવવા ગાલે કે કાને કાળું ટપકું કરતી મા તો અહર્નિશ તમારી ને મારી હરેક મુશ્કીલોનો આબાદ અને સચોટ હલ શોધી શકે એટલી કાબિલ તો હોય જ છે પણ એના છાયડે ....એના પગમાં ...એના આશરે ....બેસવું-પડવું કે આળોટવું પડે..!! " માંગને પર જહાં પૂરી હર મન્નત હોતી હૈ , માં કે પૈરો મેં હી તો વો જન્નત હોતી હૈ :..!! એના આશીર્વાદ ....એની અમીનજર અને એના ચહેરા પર ડોકાતા ' મારો દીકરો કે દીકરી ' ના ભાવ માણતું રહેવું પડે . પહેલી લાઈનમાં લખેલી ' પૈર છુનેવાલી " વાત ભૂલી જાવ તો શું ? આ તો મા છે , એ કાઈ તમારા વ્યવહાર-પ્રેમ-લાગણીની રાહ જોયા વગર " અભી જિન્દા હૈ મેરી માં મુજે કુછ ભી નહિ હોગા , મૈ ઘર સે જબ ભી નીકળતા હું દુઆએ સાથ ચલતી હૈ ".( મુન્નવર રાણા ) ..ની જેમ પગે લાગો કે નહિ પણ પોતાની દુઆ-આશીર્વાદ તો હરહમેશ પોતાના સંતાનને આપતી જ રહેવાની ..!!

અહી વાત કઈ બધા સાવ જ મા ને ઈગ્નોર જ કરે છે એવું કહેવાનો અર્થ નથી પણ હા એ પણ હકીકત છે કે બદલાતા વિશ્વમાં હરેક મુશ્કેલીનો તાળાઓ ખોલી આપતી આ ' મા ' નામની ચાવી ને ઘણીવાર એકબાજુ મૂકી દેવામાં આવે છે .... વૃધ્ધાશ્રમ ને એવી ચોખલી વાતો કરવાને બદલે આપણામાંથી જેના પણ નસીબમાં હજુ પણ મા નો મમતાળો સંગાથ છે – માથા પર મા નો હેતાળ હાથ છે અને એના માટે એટલું જ કહેવાનું કે " ઉન બુઝુર્ગ ઉંગલીયોમે કોઈ તાકત તો ના થી , મગર મેરા સીર ઝુકા તો કાંપતે હાથો ને જમાનેભરકી દૌલત દે દી.." મા વિષે લખવા-કહેવા બેસો તો મનોજભાઈની ભાષામાં " વર્ષો ના વરસ લાગે " અને તો પણ વાત અધુરી જ રહે – અપૂર્ણ જ રહે ...! ખરેખર તો આ લેખ રોજરોજ લખાય તો પણ ખરેખર તો માતાનું ઋણ અને માતાનો મહિમાની વાત અનેક લેખો સુધી અદા થઈ શકે એમ નથી. અને એટલે જ મધર્સ ડે માત્ર એક દિવસ જ નહીં પણ પળે પળે ઉજવવાનું પર્વ છે. માતાએ પોતાના પર કરેલા ઉપકારોને એક પળ પણ ભૂલી શકાય જ નહી . કવિ શ્રી બહેરામજી મલબારીના શબ્દોમાં કહીએ તો , 'અર્પી દઉં સો જન્મ ! એવડું મા તુજ લ્હેણું.'

" રોશન દેતી હુઈ સબ લાલટેને બુઝ ગઈ , ખત નહિ આયા જો બેટો કા તો માએ બુઝ ગઈ " સંતાન પરદેશ કમાવા ગયું હોય દેશમાં ગયું હોય કે ઘરથી બહાર ગયું હોય , મા ને બીજું કાઈ ના જોઈએ પણ એના સંતાનના સમાચાર જાણવા એ તલપાપડ રહેવાની . સંતાન જો એનાથી દુર હોય તો એને સદાય ચિંતા રહે. અને સંતાન સફળ છે કે નિષ્ફળ છે એની ખબર હોવા છતાં પણ કે ઘણીવાર ખબર ના હોય તો પણ " બરબાદ કર દિયા હંમે પરદેશ ને મગર , મા સબ સે કહ રહી હૈ કી બેટા મજે મેં હૈ ' (મુન્નવર રાણા)..!! એક આડવાત આ લેખ કે આની અગાઉના લેખોમાં મા વિષે મહતમ શેર મુન્નવર રાણાના ટાંકવામાં આવ્યા છે , કારણ કે મુન્નવર રાણાના માં વિશેની નઝમો કે શેર એટલા શશક્ત છે કે યુવા અને ઓલ્ડ બંને પેઢીમાં એ ફેવરીટ છે .

આમ તો શું છે કે " માતૃદેવો ભવ " આ સૂત્ર જ વિશ્વને આપણે આપ્યું છે . જે દેશમાં મા – માતા નું પૂજન અને એનો આદર-સત્કાર થતો હોય તે દેશમાં ' મધર્સ ડે ' ની ઉજવણી ની શું જરૂર એવું સ્વાભાવિક થાય પણ શું છે કે જગત ઝડપથી બધી રીતે પ્રોગ્રેસ કરતું જાય છે અને પશ્ચિમની અસરો આપણે ત્યાં પણ આવતી જાય છે , સંયુક્ત કુટુંબો ઓછા થતા જાય છે, વૃદ્ધાશ્રમો વધતા જાય છે એવામાં જે માને છે એને છોડીને પણ જે લોકો હજુ પણ મા અને એની મહિમાથી જોજનો છેટા છે (એમાં વાંક કદાચ કમાવાની દોડધામ કે પછી સ્વતંત્ર રહેવાની ઘેલછાનો હોય શકે કે પછી પરીશ્થીતીવશ છેટા છે ) એવા લોકોને માતા પ્રત્યે આદર બતાવવાનો એક મોકો ' મધર્સ ડે ' આપે છે તો એમાં ખોટું શું છે ? અને અમથુય અત્યારે જમાનો કોન્વેન્ટીયો છે કે જા બાળક વાતેવાતે થેંક્યું કહેતું હોય એવા સમયમાં માં-મોમ-મધર ને ડેડીકેટેડ કોઈ સ્પેશિયલ દિવસ હોય અને એની ઉજવણી હોંશે હોંશે થતી હોય તો ભલે ને એક જુદા જ સ્વરૂપમાં પણ "માતૃદેવો ભવ" નો પ્રાચીન કોન્સેપ્ટ અવાર્ચીન તો અવાર્ચીન રીતે પણ અમલમાં તો મુકાય છે ને ....!! ખુશ થાવ ને યાર ..!! બાકી લાખ 'મધર્સ ડે' આવશે તો પણ જેને હૈયે મા ના બલિદાનો-કુરબાનીઓ-ભોગ ની કહાનીઓ ઉતરવાની જ નથી એવા બધા તો મા ને વૃદ્ધાશ્રમમાં મૂકી જ આવવાના છે ...અને માઈન્ડ ઈટ કે મા ત્યાં બેઠા બેઠા પણ " એક લડકા શહર કી રૌનક મેં સબ કુછ ભૂલ જાયે , એક બુઢયા રોજ ચૌખટ પર દિયા રોશન કરે "ની જેમ એના ક્ષેમકુશળની પ્રાથના કરતી રહેવાની જ ...!!!

" આશિર્વાદ જનેતાના તો કદી નથી કરમાતા, એક જ અક્ષર અજર અમર છે, એક જ મંત્ર છે 'માં'." (વેણીભાઈ પુરોહીત) . અને મા માંગે પણ શું ? ફાધર વાલેસે એક પ્રસંગ નોંધ્યો છે કે "" મારી જિંદગીના ૫૦ વર્ષ હું ભારતમાં રહ્યો .મને ત્યાં એટલું ગમી ગયેલું કે હું પાછો સ્પેન આવવા માગતો ન હતો.પણ મારા ૯૯ વર્ષના માતાએ પોતે એકલા પડી જવાને લીધે મને સ્પેન પાછું આવવા કહ્યું . એમની ઈચ્છાને માન આપી હું સ્પેન આવી ગયો અને એમની સેવામાં લાગી ગયો .જ્યારે પણ મારી માતાને હું પુછું કે બા તારી તબિયત કેમ છે ?એમનો એક જ જવાબ હોય કે " દીકરા મારી જોડે તું છે એટલે કોઈ દુખ નથી,મજામાં છું." ફાધર વાલેસની આ વાતમાં જ માતા શું ઈચ્છે છે એનો જવાબ આવી ગયો . માતા સંતાનની પ્રગતી-સુખ તો ઈચ્છે જ ઈચ્છે છે પણ સાથે સાથે ઢળતી ઉમરે કે અશક્ત અવસ્થાએ દીકરો એની સાથે રહે એવું ચોક્કસ ઈચ્છે છે. કદાચ 'મધર્સ ડે' કે 'માતૃદિવસ' ની સાચી ઉજવણીનો હાર્દ આ એક જ બનાવમાં દેખાઈ આવે છે . જેમ માના અગણિત ઉપકારોના વર્ણન માટે શબ્દકોશો પણ ઓછા પડે. એવી જ રીતે ખરેખર માના નિવૃત્તિ કે અંતિમ કે પછી કોઈપણ સમયે એ ને સંગાથ-હુંફ રૂપી ચંદનનો લેપ લગાવીને આપણે એને કેટલી ટાઢક આપી શકીએ છીએ એજ સાચી માતૃસ્મૃતિ - માતૃવન્દના ...! આજે વૃદ્ધાશ્રમો મમતાનો આખરી વિસામો બની જતા જાય છે – સંયુક્ત કુટુંબો તૂટતા જાય છે – બા-મા થી મમ્મી કે મોમ સુધીની સફર થઈ ચુકી છે ત્યારે પહેલી લાઈનમાં લખ્યું એમ જીવિત હોય તો રોજ ચરણસ્પર્શ કરી લેજો ,એની અમીભરી નજર માણી લેજો , એના મૂંગા આશીર્વાદ લઈ લેજો કેમકે એના ગયા પછી કરોડો રૂપિયા ખર્ચવા છતાયે એ ખોળો , એ આશીર્વાદ , એ અમીનજર , એ હુંફ, એ લાગણી , એ નેહ નહિ જ મળે એ હકીકત છે ...! માતૃદેવો ભવ ...!

**વિસામો :**

**માતાનો એક અંશ બરાબર અસંખ્ય ધર્મગુરુઓ**

**- એક સ્પેનીશ કહેવત**